વિદ્યાર્થીનીઓ તેમજ માતાઓને સન્માનિત કરવામાં આવ્યાં, આ પ્રસંગ કોલેજના ઇતિહાસમાં અવિસ્મરણીય છે.

જીલ્લા બાળસુરક્ષા અધિકારી શ્રીમતી હેમાબહેને પ્રસંગોચિત ઉદબોધન કરતા જણાવ્યું કે, "એક મહિલા ખૂબ સંઘર્ષથી પોતાનું જીવન ગુજારે છે પરંતુ પોતાના બાળકને ઉછેરવાનો એને ભાર લાગતો નથી, સંઘર્ષ વગર સિદ્ધિ પ્રાપ્ત થઇ શકતી નથી" અને સાથે સાથે તેમણે બાળસુરક્ષા ધારા, ઘરેલું હિંસા, ૧૦૮, ૧૮૧, ૧૯૮ હેલ્પલાઈન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. મામલતદારશ્રી જીતુભાઈ સોલંકીએ જણાવ્યું કે "આજની પરીસ્થિતમાં સ્ત્રી અને પુરૂષ બંને સરખા છે, નારી તું નારાયણી, સ્ત્રીનું અસ્તિત્વ કુદરતે નિર્માણ કર્યું છે, સ્ત્રી વ્યકતિત્વ ખૂબ પ્રબળ છે" પ્રસંગને અનુસંધાને કોલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીએ પણ જણાવ્યું કે "આજના કાર્યક્રમનો યશ કોલેજને ફાળે જાય છે. કોલેજ વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન પૂરું પાડી રહી છે. આજના યુવાનો અને યુવતીઓ આધુનિક ટેકનોલોજીની સાથે કામ કરનારી પેઢી છે એને ધૈર્ય તેમજ ખંતથી આગળ વધવું રહ્યું" IQAC/NAAC નાં કૉ.ઓડિનેટર અને અંગ્રેજી વિષયના પ્રા. ધર્મરાજભાઈ ઈ. ટેભરેએ નારી અને પુરુષની સમાનતાનો ઉલ્લેખ પોતાના શબ્દમાં વ્યકત કર્યો હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષશ્રી પ્રા. જીગરકુમાર વી. પરમાર, જુનિયર ક્લાર્ક શ્રીમતી પ્રિયંકાબેન પટેલ અને કોલેજના ઉત્સાહી વિદ્યાર્થીઓએ નારી જીવનને ઉજાગર કરતી રંગોની રંગોલી પ્રદર્શિત કરી હતી. નારી સશક્તિકરણમાં કોલેજની વિદ્યાર્થીનીઓ દરેક ક્ષેત્રમાં પ્રગતિશીલ છે અને પગભર થઇ રહી છે.

તા. ૦૮/૦૩/૨૦૨૨ મહિલા દિને સત્કાર કાર્યક્રમ










પ્રસંગોચિત ઉદબોધન કરતા જીલ્લા બાળસુરક્ષા અધિકારી શ્રીમતી હેમાબહેન

## ૧૧.૧૧. ઈતર પ્રવૃતિઓ

### ૧૬/૧૨/૨૦૨૧, TABOCO નિયંત્રણ





તા.૧૬/૧૨/૨૦૨૧નાં રોજ નવસારી ખાતે વકતૃત્વ સ્પર્ધામાં સહભાગી બનેલ કોલેજની વિદ્યાર્થીનીઓ




તા.૧૬/03/૨૦૨૨ - **SURVICAL CANCER** અંગે સેમીનાર













મહિલાઓને થતા ગંભીર રોગોની જાણકારી આપતા શેખ મારિયા અને સામાજિક કાર્યકર્તા શ્રીમતી તર્પણબેન વણકર

## મેન્ટર મેન્ટી મિટીંગ










તા.૩૧/૦૩/૨૦૨૨નાં રોજ પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ






REDMI NOTE 5 PRO
MI DUAL CAMERA


REDMI NOTE 5 PRO
MI DUAL CAMERA


REDMI NOTE 5 PRO
MI DUAL CAMERA


REDMI NOTE 5 PRO
MI DUAL CAMERA

# આઝાદી કા અમૃત મહોત્સવ

મોહિની એન. શર્મા
T.Y.B.A. (સંસ્કૃત)

તીન રંગ કા નહી વસ્દા,
યે ધ્વજ દેશ કી શાન હે,
હર ભારતીય કે દિલો કા સ્વાભિમાન હે,
યહી હે ગંગા યહી હે હિમાલય, (૨)
યહી હિન્દ કી માન હૈ
ઔર તીંજ રંગો મે રંગા હુઆ યે
અપના હિન્દુસ્તાન હૈ ! (૨)

આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના સંદર્ભે હું મોહિની શર્મા તમારી સમક્ષ મારી વાત રજૂ કરું છું.

"વિકાસ કે પથ પર ભારત નિરંતર બઢતા જાતા,
૭૫ વર્ષો કી મહેનત સે અપની અલગ પહચાન બનાતા,
યાદ કર શહાદત વીરો કી ગર્વ સે હૈ ભર જાતા,
સહેજે અપની સંસ્કૃતિ કો આઝાદી કા મહોત્સવ મનાતા !"

કોઈ પણ રાષ્ટ્રનું ભવિષ્ય ત્યારે જ ઉજ્જ્વળ બની શકે જ્યારે તે ભૂતકાળ પોતાના અનુભવોથી શિક્ષા લઈને સંસ્કૃતિ અને આપણી ધરોહરને સહજ વિકાસના માર્ગે નિરંતર આગળ લઈ જઈ શકે છે. આપણા ભારત દેશ પાસે અમૂલ્ય સાંસ્કૃતિક વારસો અને ભૂતકાળના ઐતિહાસિક પાનાઓ છે. દેશની બધી જ ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહર પ્રતિ જન માનસને પ્રેરણા આપી ગૌરવપૂર્ણ કરવાના હેતુથી આઝાદીની ૭૫મી વર્ષગાંઠના અનુસંધાનમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે.

આઝાદીના અમૃત મહોત્સવની શરૂઆત કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી દ્વારા ૧૨ માર્ચ ૨૦૨૧ના દિને ગુજરાતના અમદાવાદ સ્થિત સાબરમતી આશ્રમથી પદયાત્રાને લીલી ઝંડી બતાવી દીધી હતી. આ સમય દરમિયાન આઝાદીની ૭૫મી વર્ષગાંઠને સમર્પિત 'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવ ૧૫ ઓગષ્ટ ૨૦૨૨ નાં દિને ૭૫ અઠવાડિયા પૂર્વે જ શરૂ કરી દેવામાં આવ્યું જે ૧૫ ઓગષ્ટ ૨૦૨૩ સુધી ચાલસે.

મહાકવિ તુલસીદાસનું કહેવું છે કે "પરાધીન સપનેહુઁ સુખ નાહી" અર્થાત પરાધીન વ્યક્તિ ક્યારેય પણ સુખનો અનુભવ કરી શકતો નથી. સુખનું નિર્માણ પરાધીનતા અને પરવલંબી લોકો માટે થયું જ નથી. પરાધીનતા એ એક રીતે અભિશાપ જેવું છે. ભલે આપણો દેશ આઝાદ થઈ ગયો

પરંતુ આઝાદી મેળવવા માટે આપણે ખૂબ જ મોટી કિમંત ચૂકવવી પડી છે. ૧૮૭૫ની લોહીની ક્રાંતિ, ભગત સિહ, સુખદેવ, રાજગુરુ, જગત ગૂરૂની શહિદી, સુભાષચંદ્ર બોઝની કુર્બાની, મહાત્મા ગાંધીનું આંદોલન અને એવા જ અનેકો વીરોની યશગાથાઓથી આપણો ઈતિહાસ ભરેલો છે. સ્વતંત્રતા સેનાનીઓની આવી જ યશગાથાઓથી દેશવાસીઓને પ્રેરિત કરવાના ઉદેશ્યથી આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે.

આજે બધા જ ભારતીયોના મનમાં ઉત્સવ છે. કારણકે આ આઝાદી આપણને રસ્તામાં અને સસ્તામાં નથી મળી. એના માટે આપણે ખૂબ જ મોટી કિંમત ચૂકવવી પડી હતી. પહેલાના સમયમાં આપણા ભારત દેશને "સોને કે ચીડિયા" કહેવાતું હતું. ત્યાર બાદ ભારતમાં બ્રિટિશ શાસન ૧૭૫૭ થી ૧૮૫૭-૫૮ માં ભારતમાં વિદ્રોહ થયું. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ભારતનું સ્વતંત્રતા આંદોલન શરૂ થયું અને તેનું નેતૃત્વ મોહનદાસ કરમચંદ ગાંધીએ કર્યું હતું. જેમણે બ્રિટિશ શાસનથી ભારતને શાંતિ પૂર્ણ અને અહિંસાથી મુક્ત કર્યું હતું.

મહાન સ્વતંત્રતા સેનાની બાલ ગંગાધર તિલકજીએ કહ્યું હતું. "સ્વતંત્રતા આપનો જન્મસિદ્ધ અધિકાર છે." આપણા આ જ અધિકારને સમજવા માટે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવવો જરૂરી છે. ભારતના બધા જ નાગરિકો લોકમાન્ય તિલકના 'પૂર્ણ સ્વરાજ' આઝાદ હિંદ ફોઝના "ચલો દિલ્હી" અને ભારત છોડો આંદોલનને આપણે ક્યારેક પણ ભૂલી સકતા નથી. આપણે મંગલ પાંદે, તાત્યા ટોપે, રાની લક્ષ્મીબાઈ, ચંદ્ર શેખર આઝાદ, ભગત સિંહ, જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. આંબેડકર વગેરેનું લડતમાં મહત્વનું યોગદાન રહેલું છે. આપણે એમના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ.

ભારતને સ્વતંત્ર બનાવવામાં દેશના કેટલાયે દલીતો, આદિવાસી, મહિલાઓ અને યુવાનો હતા. જેમણે અસંખ્ય પીડાઓ વેઠી છે. આઝાદીના આ આંદોલનને દેશના ખૂણે ખૂણે સુધી પહોચાડવાનું કાર્ય આપણા સંતો-મહંતોએ ભક્તિ આંદોલનના માધ્યમથી પૂર્ણ કરી સહકાર પૂરો પાડ્યો હતો. અંતમાં આંદોલનો તેમજ અથાક પરિશ્રમને કારણે ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ના રોજ રાત્રે ૧૨ વાગ્યે આઝાદી મળી. આમ આ મહોત્સવ દેશવાસિઓને આઝાદીની આ બધી જ યશગાઠાઓ સાથે પુનઃ જોડાણ કરી આપશે. જ્યારે ગાંધીજીએ દાંડી યાત્રા કરી અને મીઠાના કાયદાનો ભંગ કર્યો તે દરમિયાન મીઠું એ ભારતની આત્મનિર્ભરતાનું એક પ્રતીક હતું.

પહેલી ઘટના ૧૯૪૭ માં ધર્મના આધારે ભારતના ભાગલા પડ્યા. વિસ્થાપન રમખાણોએ ૨ લાખ લોકોનો ભોગ લીધો. બીજી ઘટના અનુસાર ૧૭૪૭-૪૮ માં જમ્મુ - કાશ્મીર પર પાકિસ્તાનનો હુમલો થતા મહારાજા હરિસિંહે ભારતનું પ્રભુત્વ સ્વીકારતા પાકિસ્તાનને ભાગવું પડ્યું. ૧૯૫૧ માં દેશમાં નવી દિલ્હી ખાતે સૌ પ્રથમ એશિયન ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું. ૧૯૭૪માં પોખરણ ખાતે પહેલો અણુધડાકો કરીને ભારત પાંચમો અણુશક્તિ દેશ બન્યો. ૨૦૧૫ માં ૫ નવેમ્બર ISRO

દ્વારા મંગળયાન મોકલવામાં પહેલા જ પ્રયાસે સફળતાનો પહેલો રેકોર્ડ નોંધાયો. ૨૦૧૬ માં નોટ બંધી કરવામાં આવી અને ૨૦૧૭ માં ૧ જુલાઈના રોજ **GST** માટે ‘એક દેશ એક ટેક્સ’નો કાયદો લાગુ કરવામાં આવ્યો. એપ્રિલ ૨૦૨૦ માં સમગ્ર વિશ્વમાં કોરોના જેવી ઘાતક મહામારીના કારણે ભારતમાં લોકડાઉન લાગુ કરાયું.

૨૧ મી સદીમાં ભારત જ્યારે આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ભારતની આ ઉપલબ્ધિયોને આખુ વિશ્વ જોઈ રહ્યું છે. ભારત દેશમાં રહેતા ભારતીઓએ કે વિદેશમાં રહેતા ભારતીઓએ હંમેશા ભારત દેશનું નામ રોશન કર્યું જ છે. આત્મનિર્ભરતાથી ઓતપ્રોત આપણી વિકાસ યાત્રા આખી દુનિયાની વિકાસ યાત્રાને ગતિ આપવાની છે.

કોરોના કાળમાં આખા વિશ્વના સામે સિદ્ધ થઈ ગયુ છે કે આત્મનિર્ભર ભારત વેકસીનનું નિર્માળમાં પણ પાછળ નથી. ભારતે માત્ર ભારત પૂરતી જ નહી પરંતુ દેશના અનેક દેશોની જનતાના સ્વાસ્થયની રક્ષા માટે વેકસીન ઉપલબ્ધ કરાવી. ૨૦૨૧ માં ભારતે ટોકિયો ઓલિમ્પિકમાં એક ગોલ્ડ સહિત સાત મેડલ જીતી અત્યાર સુધીમાં સૌથી વધુ ઓલમ્પિક મેડલ જીત્યા.

આપત્તિને અવસરમાં પલટવી એ ભારતીયોનો સ્વભાવ છે.

અંતમાં હું એટલું જ કહેવા માંગુ છું કે, ‘સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા’

દુનિયાનો સૌથી શ્રેષ્ઠ અને **Best** હું આ ભારતને જ કહીશ, મને ગર્વ છે કે હું ભારતીય છું

કોઈ હસ્તી કોઈ મસ્તી
કોઈ ચાહ પે મરતા હૈ
કોઈ નફરત કોઈ મહોબ્બત
કોઈ લગાવ પે મરતા હૈ
યે દેશ હૈ ઉન દિવાનો કા
યહા હર બન્દા - બન્દી
અપને હિન્દુસ્તાન પે મરતા હૈ

**I Love My India**

જય હિન્દ ......................................

# ૧૨. દૈનિક વર્તમાન પત્રોમાં પ્રકાશિત થયેલ વિવિધ પ્રવૃતિઓના અહેવાલ

દિવ્ય ભાસ્કર નવસારી 19-07-2021

## ખેરગામ કોલેજમાં કાલિદાસ જન્મજયંતી નિમિત્તે ઓનલાઈન નિબંધ સ્પર્ધા યોજાઈ

ખેરગામ | ખેરગામ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મહાકવિ કાલિદાસના જન્મદિન નિમિત્તે આચાર્ય ડો. એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ ઓનલાઈન નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાકવિ કાલિદાસનું સંસ્કૃત સાહિત્યમાં અનેરું યોગદાન રહ્યું છે, તેમના નાટકો અને કાવ્યો આજે પણ જન માનસ ઉપર અસર કરી રહ્યા છે. તેમના આવા પ્રદાન માટે સંસ્કૃત જગત હંમેશા તેમનું ઋણી રહેશે. આવા મહાન કવિને યાદ કરવા માટે કોલેજના વિદ્યાર્થીઓએ પોતાના સ્વહસ્તાક્ષરે નિબંધ લખી તેની પીડીએફ ફાઈલ બનાવી ઓનલાઈન નિબંધ સબમીટ કર્યા હતા. જેમાં પ્રથમ નંબરે પટેલ અંજના, દ્વિતીય નંબરે પટેલ અંજલિ અને તૃતીય નંબરે પટેલ મહેશ્વરીને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. Covid-19ની પરિસ્થિતિને ધ્યાને લઈ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિષયના અધ્યાપક યોગેશ ટંડેલ અને ચેતના પટેલે ઓનલાઈનના માધ્યમથી કર્યું હતું.

## ખેરગામ કોલેજમાં કાલિદાસ જન્મજયંતિ નિમિત્તે "ઓનલાઈન નિબંધ સ્પર્ધા

ખેરગામ|ખેરગામ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મહાકવિ કાલિદાસના જન્મ દિન નિમિત્તે આચાર્ય ડો. એસ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ ગુગલ લીંકના માધ્યમથી "ઓનલાઈન નિબંધ સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. મહાકવિ કાલિદાસનું સંસ્કૃત સાહિત્યમાં અનેરું યોગદાન રહ્યું છે, તેમના નાટકો અને કાવ્યો આજે પણ જન માનસ ઉપર અસર કરી રહ્યા છે. તેમના આવા પ્રદાન માટે સંસ્કૃત જગત હંમેશા તેમનું ઋણી રહેશે. આવા મહાન કવિને યાદ કરવા માટે કોલેજના વિદ્યાર્થીઓએ પોતાના સ્વ હસ્તાક્ષરે નિબંધ લખી તેની પીડીએફ ફાઈલ બનાવી ગુગલ લીંકના માધ્યમથી ઓનલાઈન નિબંધ સબમીટ કર્યા હતા, જેમાં પ્રથમ નંબરે પટેલ અંજના એ., દ્વિતીય નંબરે પટેલ અંજલિ એમ. અને તૃતીય નંબરે પટેલ મહેશ્વરી આર. ને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. Covid-19ની પરિસ્થિતિને ધ્યાને લઈ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિષયના અધ્યાપક યોગેશ એન. ટંડેલ અને ચેતના બી. પટેલે ઓનલાઈનના માધ્યમથી કર્યું હતું.

## બજેટમાં જાહેરાત : ખેરગામમાં સરકારી સાયન્સ કોલેજને મંજૂરી

### કોલેજોમાં મર્યાદિત પ્રવેશથી છાત્રો પ્રવેશથી વંચિત રહેતા હતા

ભાસ્કર ન્યૂઝ | ખેરગામ



ખેરગામ કોલેજમાં સાયન્સ ફેકલ્ટી શરૂ થાય તેવી શક્યતા.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના કાર્યકાળમાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ રજૂ કરેલ એકમાત્ર અંતિમ 2022-23ના અંદાજપત્રમાં આદિવાસી વિસ્તારમાં ત્રણ નવિન સરકારી વિજ્ઞાન કોલેજની ફાળવણીમાં ખેરગામમાં પણ સરકારી વિજ્ઞાન કોલેજ શરૂ કરવામાં આવશે એવી જાહેરાતને ખેરગામ તાલુકામાં વ્યાપક આવકાર મળ્યો છે. તાલુકાની-આજુબાજુની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આનંદ છવાયો છે. ખેરગામમાં ઘણાં લાંબા સમયથી સરકારી સાયન્સ કોલેજ શરૂ કરવા માંગ ઉઠી હતી.

ખેરગામમાં સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ આવેલી છે. આ વિસ્તારમાં વલસાડ, નવસારી જિલ્લા મથકે તથા બીલીમોરામાં મંડળ સંચાલિત વિજ્ઞાન કોલેજો આવેલી છે પરંતુ આ કોલેજોમાં મર્યાદિત પ્રવેશના કારણે ખેરગામ, ચીખલી, વાંસદા, ધરમપુર અને આ વિસ્તારના અમુક ગરીબ આદિવાસી ખેડૂતોના બાળકો વલસાડ, નવસારી કે બીલીમોરાની વિજ્ઞાન કોલેજમાં પ્રવેશ પ્રવેશથી વંચિત રહી જાય છે. ખેરગામ કોલેજનું પોતાનુ તમામ સુવિધાવાળુ અદ્યતન મકાન છે. હોસ્ટેલ, બિલ્ડિંગ, સ્ટાફ ક્વાર્ટર્સની સુવિધા ધરાવે છે. જેથી નાણાંકીય વર્ષ 2022-23ના શૈક્ષણિક વર્ષથી ખેરગામ કોલેજના મકાનમાં સરકારી વિજ્ઞાન કોલેજની મંજૂરી આપી ચાલુ કરવા રૂઝવણી ગામના અગ્રણી ઈશ્વરભાઈ પટેલે અગાઉ અનેક વિભાગોમાં રજૂઆત કરી હતી. ગુરૂવારે જાહેર થયેલા બજેટમાં ખેરગામમાં સાયન્સ કોલેજ શરૂ કરવાની જાહેરાતથી આ વિભાગમાં વિજ્ઞાન અભ્યાસુ છાત્રોમાં આનંદની લાગણી વ્યાપી હતી. ખેરગામ કોલેજના આચાર્ય ડો.સંજય પટેલે પણ ત્રણ વખત દરખાસ્ત થયાનું જણાવી કોરોના અને નાણાંકીય જોગવાઈના અભાવે ગત બે અંદાજપત્રોમાં સમાવેશ થયો ન હતો અને ચાલુ વર્ષે ત્રીજા પ્રયત્ને આ સંભવ થયાનું જણાવ્યું હતું.

## ખેરગામ ખાતે નવીન વિજ્ઞાન કોલેજની શ્રી કનુભાઈ- નાણામંત્રી ની જાહેરાતને તાલુકામાં ઠેર-ઠેર આવકાર:ત્રીજો પ્રયત્ન ફળ્યો,

વિનોદ મિસ્ત્રી





www.satyaday.com

શુક્રવાર, તા. ૦૪ માર્ચ, ૨૦૨૨

વિનોદ મિસ્ત્રી સત્ય ડે દૈનિક

## ખેરગામ ખાતે નવીન વિજ્ઞાન કોલેજની નાણામંત્રી કનુભાઈની જાહેરાતને તાલુકામાં ઠેર-ઠેર આવકાર: ત્રીજો પ્રયત્ન ફળ્યો



ભુપેન્દ્ર પટેલ સરકારે વૃદ્ધોને અપાતા પેન્શનમાં ૮૦ થી ઉપરનાને ૧,૨૫૦/-અને ૬૦થી ૮૦ વચ્ચેનાને ૧,૦૦૦/-રુ વૃદ્ધ પેન્શન દર માસે ચૂકવવા જાહેરાત કરી છે જે પણ ખૂબ આવકાર્ય છે.

## ખેરગામમાં વિજ્ઞાન કોલેજની જાહેરાત થતા ખુશાલી

ગુ.સમાચાર ચીખલી,ગુરૂવાર

સતત ત્રણ અંદાજપત્રમાં અસ્વીકૃત ખેરગામ સરકારી વિજ્ઞાન કોલેજને નાણામંત્રીમંત્રી કનુભાઈ દેસાઈ કે જેઓ પ્રથમ અને આખરી અંદાજપત્ર સને ૨૦૨૨-૨૩ નું રજૂ કરતા હયાત સરકારી કોલેજના મકાનમાં વિજ્ઞાન કોલેજ શરૂ કરવાની જાહેરાત કરતા ખેરગામ તાલુકાના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી વાલીઓમાં ઉત્સાહ છવાયો છે. બીજી બે વિજ્ઞાન કોલેજ ડેડીયાપાડા અને સુરતના કાછલ માં શરૂ થશે.

## ખેરગામમાં સાયન્સ કોલેજ શરૂ કરવાની જાહેરાત થતાં છાત્રોમાં આનંદ વ્યાપ્યો

**આદિવાસીનાં** બાળકોને વલસાડ, નવસારી કે બીલીમોરાની વિજ્ઞાન કોલેજમાં પ્રવેશ નહીં મળવાને કારણે પ્રવેશથી વંચિત રહી જતાં હતાં

ખેરગામ : ખેરગામ ખાતે સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ આવેલી છે. આ વિસ્તારમાં વલસાડ, નવસારી જિલ્લા મથકે તથા બીલીમોરા ખાતે મંડળ સંચાલિત વિજ્ઞાન કોલેજો આવેલી છે. પરંતુ સદર કોલેજોમાં મર્યાદીત પ્રવેશના કારણે ખેરગામ, ચીખલી, વાંસદા, ધરમપુર અને આ વિસ્તારના અમુક ગરીબ આદિવાસી ખેડૂતોના બાળકોને વલસાડ નવસારી કે બીલીમોરાની વિજ્ઞાન કોલેજમાં પ્રવેશ નહીં મળવાને કારણે છાત્રો પ્રવેશથી વંચિત રહી જાય છે. ખેરગામ કોલેજનુ પોતાનુ તમામ સુવિધાવાળુ અધ્યતન મકાન છે. હોસ્ટેલ, બિલ્ડીંગ, સ્ટાફ ક્વાટરની સુવિધા ધરાવે છે. જેથી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના શૈક્ષણિક વર્ષથી ખેરગામ કોલેજના મકાનમાં સરકારી વિજ્ઞાન કોલેજની મંજુરી આપી ચાલુ કરવા રૂઝવણી ગામના અગ્રણી ઈશ્વર પટેલ દ્વારા અગાઉ અનેક વિભાગોમાં રજુઆત થઈ હતી. ગુરુવારે જાહેર થયેલા બજેટમાં ખેરગામમાં સાયન્સ કોલેજ શરૂ કરવાની જાહેરાતથી આ વિભાગમાં વિજ્ઞાન અભ્યાસુ છાત્રોમાં આનંદની લાગણી વ્યાપી હતી. ખેરગામ કોલેજના આચાર્ય ડૉ.સંજય પટેલે પણ ત્રણ વખત દરખાસ્ત થયાનું જણાવી કોરોના અને નાણાકીય જોગવાઇના અભાવે ગત બે અંદાજપત્રોમાં સમાવેશ થયો હતો નહીં અને ચાલુ વર્ષે ત્રીજા પ્રયત્ને આ સંભવ થયાનું જણાવ્યું હતું.

## ખેરગામ કોલેજમાં જ સાયન્સ કોલેજનો શુભારંભ : પ્રાચાર્ય. ડૉ.સંજય પટેલ

### ત્રણેના સુકાની : યુનિ.જોડાણ-પ્રવેશ માટે કાર્યવાહી પ્રગતિમાં



## સંકલિત આદિજાતિ વિકાસ યોજના અંતર્ગત પાણીખડક ખાતે ૨૦ આદિવાસીને તાલીમ-સહાય

સત્ય ડે વિનોદ મિસ્ત્રી



દિવ્ય ભાસ્કર નવસારી 04-07-2021

## ખેરગામની સરકારી કોલેજમાં 495 વૃક્ષોનું વાવેતર કરાયું



ખેરગામ | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામમાં રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ, સામાજીક વનીકરણ વિભાગ નવસારી, રેન્જ-ચીખલી તથા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોસીએસનના ઉપક્રમે કોલેજના આચાર્ય ડો. સંજય પટેલના અધ્યક્ષપદે 'ગ્રામ્ય કક્ષાનો 72મો વન મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મૌલિક પ્રજાપતિ R.F.O. ચીખલી રેન્જ તથા તેમનો સમગ્ર સ્ટાફ,હોમગાર્ડ યુનિટ ડિપાર્ટમેન્ટ, કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અંકુર શુક્લ તેમજ કોલેજના અધ્યાપકો અને સ્વયંસેવકો સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પારિજાતના લગભગ 495 વૃક્ષોનું વાવેતર હાથ ધરવામાં આવ્યું હતું.

દિવ્ય ભાસ્કર નવસારી 13-08-2021

## ખેરગામમાં આં.રાષ્ટ્રીય યુવા દિવસ - નેશનલ લાઇબ્રેરિયન્સ ડેની ઉજવણી



ખેરગામ | ખેરગામ સરકારી કોલેજમાં IQAC કમિટી અંતર્ગત આચાર્ય ડો. એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના N.S.S., ગ્રંથાલય વિભાગ અને સપ્તધારા અન્વયે જ્ઞાનધારાનાં ઉપક્રમે આંતરરાષ્ટ્રીય યુવા દિવસ અને નેશનલ લાઈબ્રેરિયન્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના પ્રત્યેક વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ પ્રતિજ્ઞા લીધી હતી કે, તેઓ હંમેશા પોતાના શારીરિક, માનસિક તથા સામાજિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખી ભારતના સ્વચ્છ, સુરક્ષિત અને જાગૃત વિશ્વમાનવ બનવા તરફ હંમેશા અગ્રસર રહેશે, તેમજ આવી ભાવના ભારતના પ્રત્યેક માનવીમાં જાગ્રત કરવાનો પ્રયત્ન કરશે. આ સાથે નેશનલ લાઈબ્રેરિયન્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

દિવ્ય ભાસ્કર વાપી ભાસ્કર 08-09-2021

## ખેરગામની કોલેજમાં F.Y.B.A પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો



ખેરગામ | ખેરગામ કોલેજમાં આચાર્ય ડો સંજયભાઈ પટેલની આગેવાનીમાં IQAC અંતર્ગત શૈ.વર્ષ:૨૦૨૧-૨૦૨૨માં F.Y.B.A.માં પ્રવેશ મેળવેલ 204 નવા વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આચાર્યે જણાવ્યું હતું કે આ કોલેજ તમારી ભાવિ કારકીર્દીની તક પૂરી પાડવાનું કામ કરતી આવી છે અને કરતી રહેશે અને હું તમો ઉન્નતિના શિખરોને સર કરો એ માટે નેટવર્કનું કામ કરતો રહીશ'' એફ.વાય.બી.એ વિષય સંબધિત માહિતી પ્રા.દિનાબેન પટેલે આપી હતી.

દિવ્ય ભાસ્કર વાપી ભાસ્કર 15-09-2021

## ખેરગામમાં મહિલા સુરક્ષા સમિતિ દ્વારા સશક્તિકરણનો કાર્યક્રમ યોજાયો



ખેરગામ | ખેરગામ તાલુકા મહિલા સુરક્ષા સમિતિ અને ખેરગામ પોલીસ દ્વારા ખેરગામ કોલેજમાં મહિલા સશક્તિકરણનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો,જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓને એક મહિલા તરીકે પોતે શું કરી શકે અને કોલેજ આવતા કે જતા કે પછી ઘરે કેવી રીતે છેડતી થાય છે તેની સામે કેવી રીતે લડવું પોલીસને કેવી રીતે જાણ કરવી તેમજ ગુડટચ અને બેડટચ અંગે માહિતી ખેરગામ મહિલા સુરક્ષા સમિતિના પ્રમુખ લીનાબેન અમદાવાદી તથા ખેરગામ પીએસઆઇ એસ એસ માલ તરફથી આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ખેરગામના માજી સરપંચ ધર્મિષ્ઠાબેન ભરૂચા તેમજ રશ્મિબેન ટેલર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો.સંજયભાઈ પટેલ, અંકુર શુક્લ, જનરલ સેક્રેટરી હરેકૃષ્ણ ઉપસ્થિત રહ્યા હતા.

દિવ્ય ભાસ્કર નવસારી 15-09-2021

## ખેરગામમાં યુવક-યુવતી સહકારી તાલીમ વર્ગમાં સહભાગી બન્યા



ખેરગામ | ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ સંચાલિત, વલસાડ જિલ્લા સહકારી સંઘ અને સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામના સંયુક્ત ઉપક્રમે 13થી 18 સુધી ચાલનારા યુવક-યુવતી સહકારી તાલીમ વર્ગનું આચાર્ય ડો.એસ.એમ.પટેલના અધ્યક્ષપદે ઉદઘાટન કરાયું હતું. પ્રસંગોચિત ઉદબોધન આપતા આચાર્યએ જણાવ્યું કે કો-ઓપરેટીવ સહકારી સંસ્થાનું શિક્ષણ મેળવવું ખૂબ અઘરું છે પરંતુ એક અઠવાડિયાની તાલીમ વિદ્યાર્થી કોલેજ કક્ષાએ મેળવી સમજ કેળવે એ ખૂબ જરૂરી છે. સહકારી સંસ્થા નહીં નફો નહીં નુકસાનનાં સિદ્ધાંત પર કાર્યરત છે. નજીવા દરે નફો લઈને ચીજ-વસ્તુઓને બજાર સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે. છેવાડાના માનવીને પણ રોજગારીની તકો પૂરી પાડી આત્મનિર્ભર બનાવતું આ સેક્ટર ભારત સરકારને સૌથી વધુ વિદેશી હૂંડિયામણ કમાવી આપે છે. આ તાલીમમાં 148 વિદ્યાર્થી સહભાગી બન્યા હતા.

દિવ્ય ભાસ્કર નવસારી 24-09-2021

## ખેરગામમાં યુવક-યુવતી સહકારી શિક્ષણ વર્ગની પૂર્ણાહુતિ



ખેરગામ | ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ સંચાલિત, વલસાડ જિલ્લા સહકારી સંઘ ખેરગામ કોલેજના સયુંકત ઉપક્રમે છ દિવસના યુવક-યુવતી સહકારી તાલીમ વર્ગ આચાર્ય ડો.એસ. એમ.પટેલના અધ્યક્ષપદે સમાપન કરાયું હતું. બાબુભાઈ પટેલે પોતાનું ઉદબોધન આપતા જણાવ્યું કે મહિલાઓ સહકારી ક્ષેત્રે સુચારુ સંચાલન કરી રહી છે એ સહકારી ક્ષેત્રને વિકાસ તરફ લઈ જવામાં સ્ત્રીઓનું અમુલ્ય યોગદાન છે એ થકી ભારત આત્મનિર્ભર તરફ ગતિ કરી રહ્યું છે એની નોંધ લેવી ઘટે. વિદ્યાર્થીઓએ તાલીમ વર્ગ દરમિયાન પોતાને થયેલ અનુભવોને વર્ણવ્યા હતા. વિદ્યાર્થીઓએ સારી નોટબુક બનાવી હતી જેમાં પ્રથમ ક્રમે દમયંતિ પટેલ, બીજા ક્રમે તરૂણા પટેલ અને ત્રીજા ક્રમે લાડ ખશબુ આવ્યા હતા.

દિવ્ય ભાસ્કર નવસારી 29-09-2021

## ખેરગામમાં માનસિક સ્વાસ્થ્ય અને પર્યાવરણ વિષય પર સેમિનાર યોજાયો



ખેરગામ | ખેરગામ કોલેજમાં મનોવિજ્ઞાન વિભાગ દ્વારા માનસિક સ્વાસ્થ્ય અને પર્યાવરણ વિષયના અનુસંધાને કાર્યક્રમ આચાર્ય ડો.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં આચાર્ય સંજય પટેલે જણાવ્યું કે પર્યાવરણ કઈ રીતે માનસિક સ્વાસ્થ્ય જાળવવામાં મદદરૂપ થઈ શકે, આપણી માનસિક શાંતિ માટે સારા વિચારો માટે પર્યાવરણ સાથેનો તાલમેલ કેટલો જરૂરી છે તે સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં મનોવિજ્ઞાન વિભાગના 13 વિદ્યાર્થી માનસિક સ્વાસ્થ્ય માટે પર્યાવરણ કઈ રીતે ઉપયોગી છે. તે અંગે પોતાના પ્રતિભાવો આપ્યા અને વીડિયો ક્લિપ પણ રજૂ કરી હતી. મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રા. દિનાબેન પટેલે માનસિક સ્વાસ્થ્ય તણાવ, ડિપ્રેશન અને પર્યાવરણ વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. 21 અને 22 સપ્ટેમ્બરે પર્યાવરણ સંરક્ષણ અંતર્ગતના પ્રયત્નોમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ઘરે વૃક્ષારોપણ કર્યું હતું. જેમાં 70થી વધુ વૃક્ષ રોપવામાં આવ્યાં હતા.

દિવ્ય ભાસ્કર વાપી ભાસ્કર 05-10-2021

## આયુર્વેદએ આપણી પ્રાચીન વિરાસત-તંદુરસ્ત વિશ્વ માટે આયુર્વેદની મહત્વ અંગે સેમિનાર યોજાયો



ખેરગામ | ખેરગામ કોલેજ,અને સરકારી આયુર્વેદ દવાખાના માંડવખડકના સંયુક્ત ઉપક્રમે "આરોગ્ય અને આયુર્વેદ" વિષય સંદર્ભે સેમિનાર તેમજ મફત "સર્વ રોગ આયુર્વેદ નિદાન કેમ્પ"નું આચાર્ય ડો.એસ.એમ.પટેલના અધ્યક્ષપણે યોજાયો હતો. જેમાં ડો.આયુષ.પટેલે વિવિધ રોગો વિશે જાણકારી આપી હતી.ડો.દિલિપભાઈ આહિરે જણાવ્યું કે " આપણે સૌ ઋષિ સંસ્કૃતિના સંતાન છીએ એમણે વિવિધ ઔષધિય વનસ્પતિઓ વિશે વિસ્તૃત માહિતિ આપી હતી.જેવી કે કુંવારપાઠું, ભાંગરો, સરગવો, એરંડો, તુલસી, લીમડો, આમળા, શતાવરી, જાંબુ, પાણા, જીરૂ વગેરે આપણને વારસામાં મળ્યું છે, વનસ્પતિઓને કયા રોગના ઉપચાર માટે લઇ શકીએ" જેનો પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા યુવાઓને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતુ" ડો.સંજય પટેલે જણાવ્યું કે તંદુરસ્તીના કાયદા અને આરોગ્ય શાસ્ત્રના નિયમો તદ્દન સાદા છે ને સહેલાઈથી શીખી લેવાય તેવા છે. કેટલીય ઔષધીય વનસ્પતિના ભંડાર ભર્યા છે તેમા કઈ વનસ્પતિ કયા રોગના ઉપચાર માટે કામ આવે.સમગ્ર માનવજાતના કલ્યાણ અર્થે અને તંદુરસ્ત વિશ્વ માટે આયુર્વેદ તરફ વળવુ જ રહ્યુ. વિષય અનુસંધાને પ્રા.પરેશજભાઈ ઇ.ટેમ્બરેએ જણાવ્યું હતુ કે "પહેલુસુખ તે જાતે નર્યા" આયુર્વેદએ આપણી પ્રાચીન વિરાસત છે.સર્વરોગ નિદાન કેમ્પનું પણ આયોજન કરાયું હતું.

દિવ્ય ભાસ્કર **નવસારી 08-10-2021**

## ખેરગામના વિદ્યાર્થીઓએ વન્યપ્રાણી સપ્તાહમાં ભાગ લીધો



ખેરગામ | સામાજિક વનીકરણ વિભાગ નવસારી રેંજ ચીખલી દ્વારા આયોજિત પ્રાણી સપ્તાહના ભાગરૂપે ઇકો પોઈન્ટ સોલધરા ખાતે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન થયું હતું. જેમાં બુધવારના રોજ ખેરગામ કોલેજના વિદ્યાર્થીઓ સહીત આચાર્ય ડો.એસ.એમ.પટેલ, પ્રા. ડો.ધર્મરાજભાઈ.ઈ.ટેલરે, પ્રા. જીગરકુમાર.વી.પરમાર, પ્રા. ડો.નીમુબેન.એસ.ચૌધરી તેમજ પી.ટી.આઈ. પ્રા.બિપીનભાઈ પટેલ અને વિદ્યાર્થી પ્રતિનિધિ હરિકૃષ્ણ પટેલ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સહભાગી બનાવાનો ઉદેશ કોલેજના વિદ્યાર્થીઓ ગામડામાં રહીને પણ રોજગારીની તકો કઈ રીતે મેળવી શકે અને ઊભી કરી શકે જેમકે માછલી ઉછેર, મધુમાખી ઉછેર,ઔષધીય વનસ્પતિ, વિવિધ ફળો, સોલાર પ્લાન્ટ અને વન્યજીવોનું સંરક્ષણ પ્રાકૃતિ શિબિર સંદર્ભે ઉપસ્થિત સહ્યાદ્રી મધમાખી ઉછેર કેન્દ્રના માલિક અશોકભાઈ પટેલ જણાવ્યું હતું કે, નોકરી માંગવા કરતા નોકરી ઊભી કરવી જોઈએ.આર.એફ.ઓ. મૌલિક પ્રજાપતિ, વાઈલ્ડલાઈફ વેલફેર ફાઉન્ડેશન નવસારીના ભાવેશભાઈ પટેલ અને એમની ટીમનાં અનુભવોનું યોગ્ય માર્ગદર્શન અને એમના જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક વાતાવરણમાં લીધો હતો.

દિવ્ય ભાસ્કર **નવસારી 26-10-2021**

## ખેરગામના વિદ્યાર્થીએ મહા.યુનિ. ની પ્રિ.આર.ડી.પરેડમાં ભાગ લીધો



ખેરગામ | ખેરગામ કોલેજમાં TY B.A.માં અભ્યાસ કરતો રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.)નો સ્વયંસેવક ચેતનકુમાર માધુભાઈ પટેલે પ્રિ. રિપબ્લિક ડે પરેડ કેમ્પ-2021ની તાલીમ મેળવવા માટે સમગ્ર ગુજરાતમાંથી કુલ 20 સ્વયંસેવકો પ્રિ.આર.ડી. કે.બી.સી. નોર્થ મહારાષ્ટ્ર યુનિવર્સિટી જલગાંવ, પુનામાં તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાંથી માત્ર છ સ્વયંસેવકો પસંદગી પામી 12થી 21મી ઓક્ટોબર દરમિયાન તાલીમ મેળવી હતી. જેમાં ચેતન પટેલે તાલીમ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ જેમકે ગામની સર્વે, ટ્રેકિંગ, ફાયર કેમ્પ, યોગા અને પરેડ પ્રેક્ટીસ તેમજ બૌધિક વ્યાખ્યાનો લાભ લીધો તે સાથેજ તેણે સાંસ્કૃતિક પ્રવૃતિઓ જેવી કે ગરબા, ડાન્સ, ડાંગી નૃત્ય, પિરામિડ, નાટક, વક્તૃત્વ,રંગોળી, ડેકોરેશન જેવા કાર્યક્રમો સહભાગી બની કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ સાથે જ સમગ્ર "અગિયાર દિવસની તાલીમ દરમિયાન ટાઈમ મેનેજમેન્ટ, સેલ્ફ કોન્ફીડન્સ, કોમ્યુનિકેશન સ્કિલમાં વધારો થઈ શકે, જેનો મને તાલીમ દરમિયાન અનુભવ થયો આવી તાલીમ વડે વિદ્યાર્થી વ્યક્તિ વિકાસ થકી રાષ્ટ્ર વિકાસમાં સહભાગી બની શકે એનું ગૌરવ લેવું જોઈએ. આવી શિબિરનો લાભ વધુને વધુ વિદ્યાર્થી મેળવે અને રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બને તેમજ વિદ્યાર્થીનાં સર્વાંગી વિકાસ માટે N.S.S. વિભાગ અને તે માટે કોલેજના આચાર્ય ડો. એસ.એમ. પટેલ સતત પ્રયત્નશીલ છે અને રહેશે.

દિવ્ય ભાસ્કર **વાપી ભાસ્કર 26-10-2021**

## ખેરગામનો વિદ્યાર્થી પુના ખાતે પ્રિ. આર.ડી.પરેડની તાલીમમાં ભાગ લીધો



ખેરગામ|ખેરગામ કોલેજમાં T.Y B.A.માં અભ્યાસ કરતો રાષ્ટ્રીય સેવા યોજના (NSS)નો સ્વયંસેવક ચેતનકુમાર માધુભાઈ પટેલે પ્રિ. રિપબ્લિક ડે પરેડ કેમ્પ 2021ની તાલીમ મેળવવા માટે સમગ્ર ગુજરાતમાંથી કુલ 20 સ્વયંસેવકો પ્રિ.આર.ડી. કે.બી.સી. નોર્થ મહારાષ્ટ્ર યુનિવર્સિટી જલગાંવ, પુના ખાતે તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાંથી માત્ર છ સ્વયંસેવકો પસંદગી પામી તા.12 ઓક્ટોબર થી 21 ઓક્ટોબર દરમિયાન તાલીમ મેળવી હતી. કોલેજનાં ઉત્સાહી આચાર્ય ડો.એસ.એમ.પટેલ સતત પ્રયત્નશીલ છે અને રહેશે.

દિવ્ય ભાસ્કર **નવસારી 30-10-2021**

વિશેષ બહુમાન | દ.ગુ. યુનિ.એ જય પટેલનો રિપોર્ટ મૂલ્યાંકન માટે ગાંધીનગર મોકલાયો હતો

## ખેરગામ કોલેજનો વિદ્યાર્થી વિવિધ ક્ષેત્રે ઉમદા કામગીરી કરવા બદલ બેસ્ટ વોલિન્ટીયર્સ એવોર્ડથી સન્માનિત




ભાસ્કર ન્યૂઝ | ખેરગામ

ખેરગામ કોલેજમાં T.Y.B.Com માં અભ્યાસ કરનાર જયકુમાર ભગવંતરાય પટેલ છેલ્લા ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવક તરીકે અનેક પ્રવૃત્તિમાં ઉમદા કામગીરી અને મહત્વની ભૂમિકા ભજવવા બદલ તેમને બેસ્ટ વોલિન્ટીયર્સ રાષ્ટ્રીય સેવા યોજનાનો એવોર્ડ એનાયત થતા કોલેજ પરિવારે આનંદ અને ગૌરવની લાગણી અનુભવી હતી. ખેરગામ કોલેજમાં NSSમાં 15 વર્ષના પ્રોગ્રામ ઓફિસર તરીકેના અનુભવી આચાર્ય ડૉ.સંજયભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વર્ષ "NOT ME BUT YOU"ના ઉદેશથી શરૂ કરેલા આ વિભાગમાં અનેક ઉત્સાહી સ્વયંસેવકો ઉત્કૃષ્ટ કામગીરી બજાવી રહ્યા છે. ઉત્સાહી સ્વયંસેવક જય પટેલ છેલ્લા ત્રણ વર્ષથી અનેક પ્રવૃત્તિમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. તેમના લીડરશીપપદે વૃક્ષારોપણ, કોલેજ કેમ્પસ સાફ સફાઈ (સ્વચ્છતા અભિયાન) ગ્રામ સફાઈ અભિયાન, ગામના લોકોના સામાજિક-આર્થિક સર્વેક્ષણ (મોજણી) બે વાર્ષિક ખાસ શિબિર, એઈડ્સ અવેરનેસ પ્રોગ્રામ, એચ.આઈ.વી. એઈડ્સ ચિત્ર પોસ્ટર પ્રદર્શન, ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રશિક્ષણ શિબિર જેવી અનેક સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી, વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટીએ ગાંધીનગરમાં જય પટેલનો રિપોર્ટ મૂલ્યાંકન માટે મોકલ્યો હતો. જેમાં રાજ્યના શિક્ષણ મંત્રી સહિત અધિકારીની ઉચ્ચ કક્ષાની નિમાયેલ કમિટીએ બેસ્ટ વોલિન્ટીયર્સ રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ માટે જય પટેલની પસંદગી કરી હતી. જેને વર્ષ 2019-20ના રાજ્ય કક્ષાના બેસ્ટ વોલિન્ટીયર્સ તરીકે ગાંધીનગરના ઓડિટોરિયમ હોલમાં જેમાં શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી સહિતના અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં શાલ ઓઢાડી સન્માન કરી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ખેરગામ કોલેજને રાજ્યમાં ગૌરવ અપાવનાર જય પટેલને મળેલી સિદ્ધિ બદલ આચાર્ય સંજય પટેલ તેમજ કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

દિવ્ય ભાસ્કર **નવસારી 31-10-2021**

## ખેરગામમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી ઉજવાઈ



ખેરગામ | સરદાર વલ્લભાઈ પટેલની 146મી જન્મ જયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિત્તે ખેરગામ કોલેજમાં વકતૃત્વ કાર્યક્રમનું આયોજન આચાર્ય ડો.સંજય પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ નેહા પટેલ, ગરાસિયા પાયલ, ચિંતન પટેલ, પિયુશ પટેલ, વિરેન પટેલે સરદાર વલ્લભાઈ પટેલનું સમગ્રલક્ષી જીવન સંબંધિત પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તરૂણ પટેલ સરદાર પટેલના જીવન કાર્યો વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જેનો ઉદેશ વિદ્યાર્થીઓ વલ્લભભાઈ પટેલના જીવનમાંથી પ્રેરણા મેળવી ઉન્નતિના શિખરો સર કરે. આ પ્રસંગે કોલેજના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

દિવ્ય ભાસ્કર **નવસારી 16-12-2021**

## ખેરગામ કોલેજમાં ફિનિશિંગ સ્કૂલના ત્રીજા-ચોથા તબક્કાની ઓફલાઈન ટ્રેનિંગ

**કુલ 38 વિદ્યાર્થીએ ટ્રેનિંગમાં ભાગ લીધો હતો**



ભાસ્કર ન્યૂઝ | ખેરગામ

ખેરગામ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં તા.14થી 24 ડિસેમ્બર દરમિયાન ચાલનારા ગુજરાત સરકાર દ્વારા આયોજિત અને કે.સી.જી. અમદાવાદ સંચાલિત ફિનિશિંગ સ્કૂલના કોમ્પોનન્ટ-3 અને 4 Set-B and Set-D- FUNCTIONAL AND SPOKEN ENGLISHનો સંચાલન આચાર્ય ડૉ.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ પ્રારંભ થયો હતો. આ ત્રીજા અને ચોથા તબક્કાની તાલીમ દરમિયાન અમદાવાદથી ટ્રેનર હર્ષિતા પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફિનિશિંગ સ્કૂલના આ.કો. ઓર્ડિનેટર પ્રા.પૈયુલકુમાર એન.પટેલે કર્યું હતું તેમજ પ્રા. ચેતનાબેન બી. પટેલે વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં કુલ 38 વિદ્યાર્થીએ ટ્રેનિંગમાં ભાગ લીધો હતો.

### નવસારીમાં સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી દ્વારા સરદાર પટેલની પ્રતિમાનો દૂધાભિષેક



સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી નવસારી દ્વારા બુધવારે પાર્ટીના સભ્યો દ્વારા નવસારી -વિજલપુરમાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પર દૂધાભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નવસારી જિલ્લા અધ્યક્ષ વિપુલ પીઠડીયા તથા નવસારી જિલ્લા ઉપાધ્યક્ષ અશ્વિન પરમાર, નવસારી જિલ્લા મહિલા મોરચાના નીલમ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. વલ્લભભાઈ અમર રહોના નારા બોલાવ્યા હતા.

દિવ્ય ભાસ્કર **વાપી ભાસ્કર 14-01-2022**

## ખેરગામ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા એક કદમ આયુર્વેદ અને પર્યાવરણ જાગૃતિ માટે અભિયાન



ખેરગામમા NSS કેમ્પમાં અનેક કાર્યક્રમો થકી લોકોમાં જનજાગૃતિ લાવવા યુવાનોનો પ્રયાસ એક કદમ આયુર્વેદ અને પ્રાકૃતિક ખેતી પર્યાવરણ જન જાગૃતિ શિબિર" થીમ પર ખેરગામ કોલેજના વાર્ષિક શિબિરનું આચાર્ય ડો. એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ માંડવખડક પ્રાથમિક શાળાના પટાંગણામાં આયોજન થયું હતું. જેમાં 80 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ડો.એસ.એમ.પટેલે જણાવ્યું કે "એક કદમ આયુર્વેદ અને પ્રાકૃતિક ખેતી, પર્યાવરણ જનજાગૃતિ શિબિરનો ઉદેશ ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી, મફત સર્વ રોગ આયુર્વેદિક નિદાન કેમ્પ, વન્યજીવ સંરક્ષણ એક્ટ, વ્યસનમુક્તિ ફિટ ઈન્ડિયા, રક્ષી કરણ તેમજ મતદાર જાગૃતિ અભિયાનનો રહ્યો છે. સંભારંભના પ્રમુખ મૌલિકભાઈ પ્રજાપતિએ પોતાના ઉદબોધન આપતા વિદ્યાર્થીઓને જણાવ્યુ કે "સેવા, સમર્પણ, ત્યાગ, બલિદાન, સહકાર થકી સમાજ સેવાના અને વ્યક્તિગત વિકાસ થકી રાષ્ટ્રના વિકાસમાં આપણે સૌ સહભાગી બનીએ", સમારંભના ઉદઘાટક ડો. શૈલેષભાઈ બી. પ્રજાપતિએ જણાવ્યું કે આજે માણસને હુંફની જરૂર છે લાગણી વિના મનુષ્ય N.S.S. ની જ્યોત થકી પોતાના જીવનની જ્યોતને જલતી રાખે અને સેવા, સયંમ, શિસ્ત અને સમર્પણની ભાવના કેળવે દરરોજ સ્વયંસેવકોએ ગામમાં જાહેર સ્થળો જેવાકે પ્રાથમિક શાળાના પટાંગણ, પંચાયત સરકારી આયુર્વેદ દવાખાના, પ્રાથમિક સારવાર કેન્દ્ર અને મંદિર વગેરે જગ્યાએ સાફસફાઈ, માટી પુરાણ, હાઈસ્કૂલ ના સંકુલમાં સાફસફાઈ જેવા કાર્યો કર્યા હતા.

દિવ્ય ભાસ્કર **નવસારી 14-01-2022**

## ખેરગામ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા એક કદમ આયુર્વેદ અને પર્યાવરણ જાગૃતિ માટે અભિયાન

**એન.એસ.એસ. કેમ્પમાં અનેક કાર્યક્રમો થકી લોકોમાં જનજાગૃતિ લાવવા યુવાનોનો પ્રયાસ**



ભાસ્કર ન્યૂઝ | ખેરગામ

એક કદમ આયુર્વેદ અને પ્રાકૃતિક ખેતી પર્યાવરણ જન જાગૃતિ શિબિર" થીમ પર ખેરગામ કોલેજના વાર્ષિક શિબિરનું આચાર્ય ડૉ. એસ.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ માંડવખડક પ્રાથમિક શાળાના પટાંગણામાં આયોજન થયું હતું. જેમાં 80 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ... ખેતી, પર્યાવરણ જનજાગૃતિ જાગૃતિ અભિયાનનો રહ્યો છે. ... માધ્યમથી વ્યક્તિગત વિકાસ થાય અને વ્યક્તિગત વિકાસ થકી રાષ્ટ્રના વિકાસમાં આપણે સૌ સહભાગી બનીએ, સમારંભના ઉદઘાટકશ્રી ડૉ. શૈલેષભાઈ પ્રજાપતિએ જણાવ્યું કે આજે માણસને હુંફની જરૂર છે લાગણી વિના મનુષ્ય N.S.S.ની જ્યોત થકી પોતાના જીવનની જ્યોતને ... કરીને પાર કરે તેવી વસ્તુનું નિર્માણ કરે અને એક વિશેષ વ્યક્તિત્વ અને અને સમાજ સેવાની કેળવણી પૂરી પાડે છે. દરરોજ સ્વયંસેવકોએ ગામમાં આવેલા જાહેર સ્થળો જેવાકે પ્રાથમિક શાળાના પટાંગણ, પંચાયત સરકારી આયુર્વેદ દવાખાના, પ્રાથમિક સારવાર કેન્દ્ર અને મંદિર વગેરે જગ્યાએ સાફસફાઈ, માટી પુરાણ, હાઈસ્કૂલના સંકુલમાં સાફસફાઈ જેવા કાર્યો કર્યા હતા.

દિવ્ય ભાસ્કર નવસારી 09-02-2022

## ખેરગામમાં ફિટ ઇન્ડિયા સ્પોર્ટ્સ વીકમાં 163 છાત્રોએ ભાગ લીધો

ખેરગામ | ખેરગામમાં વિદ્યાર્થીઓમાં સ્પોર્ટ્સ પ્રત્યે રૂચિ વધે તે હેતુથી 1થી 4 ફેબ્રુઆરી સ્પોર્ટ્સ વીકનું આયોજન કોલેજનાં આચાર્ય ડો.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં ક્રિકેટ ભાઈ-બહેનોની સ્પર્ધામાં 11 ટીમ અને વોલીબોલ સ્પર્ધામાં 7 ટીમ મળી કુલ 163 વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. ક્રિકેટ ભાઈઓમાં T.Y.B. COM અને S.Y.B.A ફાઈનલમાં આવી હતી, જેમાં S.Y.B.Aની ટીમ વિજેતા બની હતી. વોલીબોલ સ્પર્ધામાં ભાઈઓ T.Y.B.A. પ્રિયંક (કેપ્ટન) અને T.Y.B.A. ચિરાગ (કેપ્ટન) જેમાં T.Y.B.A. પ્રિયંકની ટીમ વિજેતા બની હતી. બહેનોની ક્રિકેટ સ્પર્ધામાં T.Y.B.A. પ્રતિક્ષા અને T.Y.B.A. અંજનાની ટીમે ભાગ લીધો હતો. જેમા T.Y.B.A. અંજનાની ટીમ વિજેતા બની હતી. વિજેતા ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ સ્પોર્ટ્સ વીકમાં ભાઈઓ-બહેનો સ્ટાફગણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પોર્ટ્સ વીકનું સંપૂર્ણ આયોજન શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક બિપીન પટેલ અને સ્પોર્ટ્સ સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતુ.

દિવ્ય ભાસ્કર નવસારી 10-02-2022

## ઓનલાઇન પોલીસનો સંપર્ક કરવા કોલેજના છાત્રોને જાણકારી અપાઈ



ખેરગામ | ખેરગામની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં ગુનાહિત કાર્યો પર તેમજ ગુના રોકવામાં તથા પોલીસ સ્ટેશને તાત્કાલિક ઓનલાઈન સંપર્ક કેવી રીતે થાય તે અંગે કોલેજના આચાર્ય ડો. એસ.એમ.પટેલ દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત સરકાર દ્વારા ગૃહ વિભાગ અંતર્ગત રાજ્યનાં ગામમાં તથા શહેરમાં વધતા ગુનાઓ ને અટકાવવા અને એ ગુનાને તાત્કાલિક પોલીસ સ્ટેશને ઓનલાઈન HEVEN : Keep watch(BETA) એપ્લિકેશન દ્વારા કેવી રીતે જાણ કરી શકાય તેની સંપૂર્ણ માહિતી ખેરગામ પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ એસ.એસ.માલનાં માર્ગદર્શન હેઠળ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળનાં પ્રમુખ આશુતોષભાઈ શુક્લ દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો તથા કોલેજનાં 80 વિદ્યાર્થીને એપ્લીકેશન ડાઉનલોડ કરાવી અને બાકીનાં વિદ્યાર્થીઓને આ એપ્લિકેશન ડાઉનલોડ કરવાની સુચના આચાર્ય દ્વારા આપવામાં આવી હતી, ત્યાર બાદ એપ્લિકેશનની સમજૂતી આપી હતી.

દિવ્ય ભાસ્કર વાપી ભાસ્કર 10-02-2022

## ખેરગામમાં પોલીસ સ્ટેશને ઓનલાઈન સંપર્કની વિદ્યાર્થીઓને જાણકારી અપાઈ



ખેરગામ | ખેરગામની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં ગુનાહિત કાર્યો પર તેમજ ગુના રોકવામાં તથા પોલીસ સ્ટેશને તાત્કાલિક ઓનલાઈન સંપર્ક કેવી રીતે થાય તે અંગે કોલેજનાં આચાર્ય ડો. એસ.એમ.પટેલ દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત સરકાર દ્વારા ગૃહ વિભાગ અંતર્ગત રાજ્યનાં ગામમાં તથા શહેરમાં વધતા ગુનાઓ ને અટકાવવા અને એ ગુનાઓને ને તાત્કાલિક પોલીસ સ્ટેશને ઓનલાઈન HEVEN : Keep watch (BETA) એપ્લીકેશન દ્વારા કેવી રીતે જાણ કરી શકાય તેની સંપૂર્ણ માહીતી ખેરગામ પોલીસ સ્ટેશનનાં PSI એસ.એસ.માલનાં માર્ગદર્શન હેઠળ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળનાં પ્રમુખ આશુતોષભાઈ શુક્લ દ્વારા આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ઉપસ્થિત મેહમાનો તથા કોલેજનાં 80 વિદ્યાર્થીઓને એપ્લીકેશન ડાઉનલોડ કરાવી અને બાકીનાં વિદ્યાર્થીઓને આ એપ્લીકેશન ડાઉનલોડ કરવાની સુચના આચાર્ય દ્વારા આપવામાં આવી હતી, ત્યાર બાદ એપ્લીકેશનની સમજુતી આપી હતી.

દિવ્ય ભાસ્કર નવસારી 25-02-2022

## ખેરગામમાં મતદાર જાગૃતિ સ્પર્ધા અંતર્ગત કાર્યક્રમ ઉજવાયો



ખેરગામ | ખેરગામ કોલેજમાં ટ્રાયબલ સબ પ્લાન-વાંસદા અને મહાદેવ એન્ટરપ્રાઈઝ-સુરતના ઉપક્રમે 'વનબંધુ કલ્યાણ યોજના' અંતર્ગત ચાલતા સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગમાં અભ્યાસ કરતા અને કોલેજમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મામલતદાર કચેરી - ખેરગામના સહયોગથી રાષ્ટ્રીય મતદાર જાગૃતિ સ્પર્ધા બાબતે કાર્યક્રમ યોજાયો હતો. જેમા મામલતદાર કચેરી- ખેરગામના મામલતદાર જીતુભાઈ સોલંકી અને તેમની કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. મામલતદારે રાષ્ટ્રીય મતદાર જાગૃતિ સ્પર્ધા બાબતે માહિતી આપી અને વધુમા વધુ વિદ્યાર્થીઓ સ્પર્ધામા ભાગ લે તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

TRUE TODAY WEEKLY NEWS સમાચાર 29 OCTOBER 2021 PAGE 2

## ખેરગામની સરકારી કોલેજના બેસ્ટ વોલિન્ટીયર્સ જયકુમાર બળવંતરાય પટેલને રાજ્ય કક્ષાનો રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ



## ૨૯મીએ આછવણી ખાતે સેવા સેતુ કાર્યક્રમ



અરજદારોના વિવિધ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ થશે

દિવ્ય ભાસ્કર વાપી ભાસ્કર 25-02-2022

## ખેરગામનીમાં મતદાર જાગ્રુતિ સ્પર્ધા અંતર્ગત કાર્યક્રમ યોજાયો



ખેરગામ | ખેરગામ કોલેજમાં ટ્રાયબલ સબ પ્લાન - વાંસદા અને મહાદેવ એન્ટરપ્રાઈઝ - સુરત ના ઉપક્રમે "વનબંધુ કલ્યાણ યોજના" અંતર્ગત ચાલતા સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગમાં અભ્યાસ કરતા અને કોલેજમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મામલતદાર કચેરી ખેરગામના સહયોગથી રાષ્ટ્રીય મતદાર જાગ્રુતિ સ્પર્ધા બાબતે કાર્યક્રમ યોજાયો હતો.જેમા મામલતદાર કચેરી ખેરગામના મામલતદાર જીતુભાઈ સોલંકી અને તેમની કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.મામલતદારે રાષ્ટ્રીય મતદાર જાગ્રુતિ સ્પર્ધા બાબતે માહિતી આપી અને વધુમા વધુ વિદ્યાર્થીઓ સ્પર્ધામા ભાગ લે તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રાધ્યાપક સુનિલભાઈ જાદવે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ.

દિવ્ય ભાસ્કર નવસારી 06-03-2022

## ખેરગામના છાત્રોએ સ્વરક્ષા અને સલામતી માટે રાયફલ શુટીંગની તાલીમ લીધી



ખેરગામ | જિલ્લાની મહિલાઓને સુખાબારી ફાયરીંગ બટમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત બે દિવસ દરમિયાન રાયફલ શુટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામમાં આચાર્ય ડો. એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ 25મી ફેબ્રુઆરી શુક્રવારે વિદ્યાર્થિનીઓની સુરક્ષા, સ્વરક્ષા અને સલામતી માટે સુખાબારી વાંસદામાં રાયફલ શુટીંગની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજની વિદ્યાર્થિનીઓમાં આત્મવિશ્વાસની ભાવના કેળવાય અને સ્વનિર્ભર બને એ હેતુથી શૈક્ષણિક વર્ષ 2021-22માં અભ્યાસ કરતી કોલેજની 43 વિદ્યાર્થિની અને પ્રા.ડો.નીમુબેન ચૌધરી, પ્રા. યોગેશ ટંડેલ અને પ્રા.ડો. મનિષાબેન જોગીયા તેમજ વિદ્યાર્થી પ્રતિનિધિ હરિકૃષ્ણ પટેલ વિદ્યાર્થીઓની સાથે તાલીમમાં ઉપસ્થિત રહ્યાં હતા.

દિવ્ય ભાસ્કર નવસારી 13-03-2022

## ખેરગામમાં GST અને કેરિયર ગાઇડન્સ અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો



ખેરગામ | ખેરગામની સરકારી કોલેજમાં શનિવારે ઉદિશા પ્લેસમેન્ટ અને કોમર્સ વિભાગ અંતર્ગત આચાર્ય ડો. એસ.એમ. પટેલનાં માર્ગદર્શન હેઠળ "GST and GST as a career" ઓફલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે મૂળ વલસાડના એડવોકેટ અને ટેક્ષ કન્સલટન્ટ અલ્પેશભાઈ ઉપાધ્યાયે GST નો પરિચય, GST કેરીયર ડેવલપમેન્ટ તેમજ GST અગાઉના ટેક્ષ જેમકે એક્સાઈઝ ડ્યૂટી, વેટ, એંટ્રીટેક્ષ, એડિશનલ ટેક્ષ, સર્વિસ ટેક્ષ વિશેની ઉદાહરણ સાથે સચોટ અને સરળ ભાષામાં રજૂઆત કરી હતી તેમજ વર્તમાન ટેક્ષ, GST અંગેનો વિવિધ પાસાને આવરીને વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને આભાર પ્રા.જીગર પરમારે વ્યક્ત કર્યો હતો.

દિવ્ય ભાસ્કર **નવસારી** 13-03-2022

## ખેરગામમાં GST અને કેરિયર ગાઇડન્સ અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો



**ખેરગામ** | ખેરગામની સરકારી કોલેજમાં શનિવારે ઉડિશા પ્લેસમેન્ટ અને કોમર્સ વિભાગ અંતર્ગત આચાર્ય ડો. એસ.એમ. પટેલનાં માર્ગદર્શન હેઠળ "GST and GST as a career" ઓફલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે મૂળ વલસાડના એડવોકેટ અને ટેક્ષ કન્સલ્ટન્ટ અલ્પેશભાઈ ઉપાધ્યાયે GST નો પરિચય, GST કેરીયર ડેવલપમેન્ટ તેમજ GST અગાઉના ટેક્ષ જેમકે એક્સાઈઝ ડ્યૂટી, વેટ, ઍંટ્રીટેક્ષ, એડિશનલ ટેક્ષ, સર્વિસ ટેક્ષ વિશેની ઉદાહરણ સાથે સચોટ અને સરળ ભાષામાં રજૂઆત કરી હતી તેમજ વર્તમાન ટેક્ષ, GST અંગેનો વિવિધ પાસાને આવરીને વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને આભાર પ્રા.જીગર પરમારે વ્યક્ત કર્યો હતો.

દિવ્ય ભાસ્કર **વાપી ભાસ્કર** 24-04-2022

## ખેરગામનો વિદ્યાર્થી રાષ્ટ્રીય એકતા પરિષદમાં ભાગ લેશે



ખેરગામની સરકારી કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાનો છેલ્લા ૧૪ વર્ષનો અનુભવ ધરાવનાર આચાર્ય ડો. એસ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ S.Y.B.A.માં અભ્યાસ કરતો ઉત્સાહી સ્વયંસેવક તરૂણભાઈ અશ્વિનભાઈ પટેલ ભારત સરકારના યુવા અને રમતગમત મંત્રાલય દ્વારા આયોજિત "National Integration Camp-2022" તા.૨૬/૦૪/૨૦૨૨ થી તા.૦૨/૦૫/૨૦૨૨ દરમિયાન અસમ યુનિવર્સિટી, સિલચર-આસામ ખાતે યોજવામાં આવનાર છે, જેમાં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી (N.S.S.)ના બેસ્ટ સ્વયંસેવક તરીકે માત્ર ૧૦ સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવી હતી, જેમાં ખેરગામની સરકારી કોલેજનો વિદ્યાર્થી તથા કોલેજમાં આઉટસોર્સમાં કામ કરનાર બગીચા-માળી અશ્વિનભાઈના સુપુત્ર તરૂણભાઈ અશ્વિનભાઈ પટેલની પસંદગી કરવામાં આવી છે.

(ડી.એલ.) સત્ય ડે વિનોદ મિસ્ત્રી

## ખેરગામની સરકારી કૉલેજનો વિદ્યાર્થી અસમ યુનિવર્સિટી, સિલચર-આસામ ખાતે "રાષ્ટ્રીય એકતા પરિષદ" (NIC) Camp-2022 માં ભાગ લેશે



**ખેરગામ :** અહેની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ, જિ.નવસારી ખાતે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧-૨૨ S.Y.B.A.માં અભ્યાસ કરતો રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.)નો સ્વયંસેવક તરૂણભાઈ અશ્વિનભાઈ પટેલ અસમ યુનિવર્સિટી, સિલચર-આસામ ખાતે National "Integration Camp-2022" માં ભાગ લેશે.

ખેરગામની સરકારી કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાનો છેલ્લા ૧૪ વર્ષનો અનુભવ ધરાવનાર આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ સાહેબના સતત માર્ગદર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓ કોલેજ, તાલુકા તથા જિલ્લા કક્ષાએ ઉત્તમ ભૂમિકા ભજવી ચૂક્યા છે અને હવે ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં જઈ રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ થકી સતત ઉત્કૃષ્ટ કામગીરી બજાવી રહ્યા છે, જેમાં હાલ S.Y.B.A.માં અભ્યાસ કરતો વાડ ઊંચાબેડા, આંબા ફળિયા ગામનો રહેવાસી, તા.ખેરગામનો ઉત્સાહી સ્વયંસેવક તરૂણભાઈ અશ્વિનભાઈ પટેલ જેઓ છેલ્લા બે વર્ષથી આ ક્ષેત્રમાં અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ ચૂક્યા છે. તેમની લીડરશીપ હેઠળ વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, ગ્રામ્ય સફાઈ અભિયાન, ગામ લોકોના સામાજિક આર્થિક સર્વેક્ષણ, એઈડ્સ અવર્નેસ પ્રોગ્રામ, કોવિડ-૧૯ રસીકરણ અભિયાન, આંતરરાષ્ટ્રીય યોગા દિવસની ઉજવણી, વિશ્વ અંધજન દિનની ઉજવણી, રન ફોર યુનિટી, મતદાર જાગૃતિ અભિયાન, યુવા સહકારી શિક્ષણ તાલીમ શિબિર, શહીદ દિનની ઉજવણી, રાષ્ટ્રીય સેવા યોજનાનો ખાસ વાર્ષિક શિબિરમાં માંડવખડક ગામે ભાગ લઈ અનેક પ્રવૃત્તિઓમાં લીડરશીપ પણા હેઠળ પ્રતિનિધિત્વ કરેલ છે. ઉપરાંત ઇન્ટર કોલેજ સ્પર્ધા, સમાચાર, ઉડીશા પ્લેસમેન્ટ વગેરે તમામ સ્પર્ધાઓમાં ભાગ લઈ સફળતા પ્રાપ્ત કરી છે.

હાલ ભારત સરકારના યુવા અને રમતગમત મંત્રાલય દ્વારા આયોજિત "National Integration Camp-2022" તા.૨૬/૦૪/૨૦૨૨ થી તા.૦૨/૦૫/૨૦૨૨ દરમિયાન અસમ યુનિવર્સિટી, સિલચર-આસામ ખાતે યોજવામાં આવનાર છે, જેમાં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી (N.S.S.)ના બેસ્ટ સ્વયંસેવક તરીકે માત્ર ૧૦ સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવી હતી, જેમાં ખેરગામની સરકારી કોલેજનો વિદ્યાર્થી તથા કોલેજમાં આઉટસોર્સમાં કામ કરનાર બગીચા-માળી શ્રી અશ્વિનભાઈના સુપુત્ર તરૂણભાઈ અશ્વિનભાઈ પટેલની પસંદગી કરવામાં આવતાં આચાર્યશ્રીએ તાબડતોડ ત્રણ ટ્રેનોની મુસાફરી કરી અસમ યુનિવર્સિટી, સિલચર-આસામ ખાતે પહોંચાડવા માટેનું રિઝર્વેશન કરી નાણાંકીય તેમજ અન્ય જરૂરી સવલતો પૂરી પાડી હતી.

અસમ યુનિવર્સિટી, સિલચર-આસામ ખાતે ખેરગામ કોલેજનો વિદ્યાર્થી તરૂણ સમગ્ર ગુજરાત રાજ્ય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત અને ખેરગામ તાલુકા તથા કોલેજનું ગૌરવ વધારશે. જે બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ, N.S.S. પ્રોગ્રામ ઓફિસર પ્રા. સુનિલભાઈ એમ. જાદવ, પ્રા. યોગેશકુમાર એન. ટંડેલ તથા સમગ્ર કોલેજ પરિવાર તેમની ભાવિ કારકિર્દી ઉજ્જવળ બને તે માટે તેઓને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભકામનાની સાથે ધન્યવાદ પાઠવે છે.

## ખેરગામ કોલેજનો વિદ્યાર્થી આસામમાં રાષ્ટ્રીય એકતા પરિષદમાં પ્રતિનિધિત્વ કરશે



(દ.ગં.ટા. પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૨૪ :** ખેરગામની સરકારી કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાનો છેલ્લા ૧૪ વર્ષનો અનુભવ ધરાવનાર આચાર્ય ડૉ. સંજય પટેલના માર્ગદર્શન હેઠળ એસવાયબીએમાં અભ્યાસ કરતો ઉત્સાહી યુવા સ્વયંસેવક તરૂણભાઈ અશ્વિનભાઈ પટેલ ભારત સરકારના યુવા અને રમતગમત મંત્રાલય દ્વારા આયોજિત "National Integration Camp-2022" જે તા.૨૬/૦૪/થી તા.૦૨/૦૫/૨૦૨૨ દરમિયાન આસામ યુનિવર્સિટી, સિલ્ચર ખાતે યોજાશે,જેમાં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી એનેસેસના બેસ્ટ સ્વયંસેવક તરીકે માત્ર ૧૦ સ્વયંસેવકોની થયેલી પસંદગીમાં ખેરગામની સરકારી કોલેજનો વિદ્યાર્થી તથા આ કોલેજમાં જ આઉટસોર્સમાં કામ કરનાર બગીચા-માળી અશ્વિનભાઈ પટેલના સુપુત્ર તરૂણભાઈની પસંદગી કરવામાં આવતાં આચાર્ય ડો.સંજયભાઈએ તાબડતોડ ત્રણ ટ્રેનો દ્વારા સિલ્ચર-આસામ ખાતે પહોંચાડવા માટેનું ત્વરિત આરક્ષણ કરી નાણાંકીય તેમજ અન્ય જરૂરી સવલતો પુરી પાડી શુભકામના સાથે વિદાય કરી હતી. સિલ્ચર-આસામ ખાતે ખેરગામ કોલેજનો વિદ્યાર્થી તરૂણ સમગ્ર ગુજરાત રાજ્ય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત અને ખેરગામ તાલુકા તથા કોલેજનું ગૌરવ વધારશે.જે બદલ કોલેજના આચાર્ય ડૉ. એસ.એમ. પટેલ, N.S.S. પ્રોગ્રામ ઓફિસર પ્રા. સુનિલભાઈ એમ. જાદવ, પ્રા. યોગેશકુમાર એન. ટંડેલ તથા સમગ્ર કોલેજ પરિવારે પણ શુભકામના પાઠવી હતી.